



જિલ્લામાં ભારત બંધના એલાનને નબળો પ્રતિસાદ મળ્યો હતો. ખાસ કરીને દહેગામના કેટલાક વિસ્તારો અને પેથાપુરનો કેટલોક ભાગ તથા કલોલ-માણસાના બજારો અંશતઃ બંધ રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લાના મોટાભાગના માર્કેટયાર્ડ ખુલ્લા રહ્યા હતા. દહેગામ-ગાંધીનગરના કેટલાક કોંગ્રેસના કાર્યકરોની ગઈકાલે રાત્રે જ અટકાયત કરી લીધી હતી. દહેગામના પૂર્વ ધારાસભ્ય કામિનીબેન રાઠોડ, ખેડુતોના સમર્થનમાં આલમપુર એપીએમસી બંધ કરાવવા માટે જતા કોંગ્રેસના કાર્યકરોને ચિલોડા પાસેથી અટકાયત કરી દેવાઈ હતી. જેમાં પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા નિશિત વ્યાસ, પ્રદેશ કોંગ્રેસ મંત્રી જયદિપસિંહ ઠાકોર, ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ ઉપપ્રમુખ યુનુસ પરમાર, શહેર કોંગ્રેસ મહામંત્રી ઉર્પલ જોશી સહિતના કાર્યકરોની અટકાયત કરી હતી. જયારે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ જશુભા રાણાની ચિલોડા ખાતેથી કાર્યકરો સાથે પોલીસે અટકાયત કરી હતી.






## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



વડિલ, તમને અમે પચાસથી વધુ મહેમાન ન બોલાવવાનાં સરકારશ્રીના કાયદા મુજબ નથી બોલાવી શકતા, પરંતુ ચાંદલાની રકમ માટે કોઈ કાયદો નથી એ તમે જાણશો...

## સગીરાને લલચાવી ઉઠાવી જતા યુવક સામે પોલીસ ફરીયાદ

ગાંધીનગર શહેર નજીક આવેલા એક ગામમાં ૧૫ વર્ષિય સગીરાને એક યુવક લલચાવીને ઉઠાવી જતા સગીરાની માતાએ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. ફરીયાદીના પતિ છુટક મજુરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે અને પરિવારમાં તેમને ચાર સંતાન છે. જેમાં તેમની એક દિકરી ૧૫ વર્ષિય છે અને ધો-૧૦ સુધી અભ્યાસ કર્યો છે. પાંચમી ડિસેમ્બરની રાત્રે સાડા આઠ વાગ્યાના અરસામાં ૧૫ વર્ષિય સગીરા બહાર ગઈ તે સમયે ગામનો યુવક કોઈ વાહન લઈને આવ્યો હતો. દિકરીને ગામના યુવક સાથે જતા જોઈને માતાએ શોધખોળ કરી હતી. દિકરી મોડે સુધી પરત ઘરે ન ફરતા પરિવારે યુવકના ઘરે જઈને તપાસ કરી હતી. પરંતુ યુવક પણ ઘરે હાજર ન હતો. શોધખોળ પછી પરિવારે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# સે-૨૧માં સાડા ચાર દાયકા જુની લાઈબ્રેરીની ૧૩ કરોડના ખર્ચે અદ્યતન બનાવાશે

### બે માળનુ જુનુ બિલ્ડીંગ તોડી નાંખી પાંચ મજલાનુ બિલ્ડીંગ બાંધવામાં આવશે : વાચકો માટે સ્ટડી રૂમ અને કબાટ સહીત સિનિયર સિટીઝન્સ માટે અલાયદી વ્યવસ્થા કરાશે : વાચકોની ઓનલાઇન એન્ટ્રી કરાશે : અન્ડર ગ્રાઉન્ડ પાર્કીંગ પણ બનશે

ગાંધીનગર તા ૮

સે-૨૧ માં ચાર દાયકાઓ જુના લાઈબ્રેરીના બિલ્ડીંગને તોડીને નવી અદ્યતન લાઈબ્રેરી બનાવાશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૩ કરોડનો ખર્ચકરાશે. આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આગામી મહીનામાં પાંચ માળના લાઈબ્રેરી બિલ્ડીંગનુ કામ હાથ ધરાશે. અદ્યતન લાઈબ્રેરીમાં વાચકોની ઓનલાઈન એન્ટ્રી કરવામાં આવશે.

શહેરના સે-૨૧ માં સ્થિત નગરની સૌથી જુની લાઈબ્રેરીને અદ્યતન બનાવવા માટે ટુંકમાં કામ શરૂ કરાશે. શહેરમાં છેલ્લા સાડા ચાર દાયકાથી આ લાઈબ્રેરીનુ બિલ્ડીંગ છે. જયારે દાયકાઓ જુના આ લાઈબ્રેરી બિલ્ડીંગને હવે નવો કોર્પોરેટ લુક આપવામાં



આવશે. જુના અને કંગાળ ભાસતી આ લાઈબ્રેરીમાં નવી ટેકનોલોજી મુજબ સુવિધાઓ ઉભી કરવામાં આવશે. લાઈબ્રેરીને અદ્યતન બનાવવા માટે અંદાજિત રૂ ૧૩ કરોડનો ખર્ચ કરાશે. જયારે હાલના બે મજલાના લાઈબ્રેરી બિલ્ડીંગને તોડી નાંખવામાં આવશે. જયારે જુનુ મકાન તોડીને તેના ઠેકાણે નવા પાંચ માળના બિલ્ડીંગનુ નિર્માણ કરાશે. લાઈબ્રેરીને અનુલક્ષી સિનિયર સિટીઝન્સને માફક આવે તેવી બેઠક વ્યવસ્થા પણ કરવામાં આવશે. રીડીંગ રૂમ પણ નવા બનશે. જયારે પુસ્તકોની યોગ્ય ગોઠવણી માટે નવા કબાટ પણ બનાવાશે. જયારે વાંચન માટે બુક લઈ જતા સભ્યોની ઓનલાઈન નોંધણી પણ કરવાની વ્યવસ્થા ગોઠવાશે.

આ ઉપરાંત લાઈબ્રેરી બિલ્ડીંગના કેમ્પસમાં અન્ડર ગ્રાઉન્ડ પાર્કીંગની પણ સુવિધા કરવામાં આવશે. સે-૨૧ ની દાયકાઓ જુની લાઈબ્રેરી હવે આગામી દિવસોમાં સુવિધાસભર અને ન્યુ લુકમાં જોવા મળશે. જેથી વાંચકોને પણ વધુ સવલતો મળશે. લાઈબ્રેરીના સભ્યો શાંતિપુર્ણ અને સુવિધાયુક્ત વાતાવરણમાં અભ્યાસ કરી શકે તે મુજબની તમામ વ્યવસ્થા કરાશે. આ કાર્યયોજના અન્વયે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જયારે આગામી એક મહીનામાં કામ પણ શરૂ કરી દેવાશે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતનો વધુ એક કર્મયોગી કોરોનાથી સંક્રમિત થયો છે.
- રાજયના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિ દ્વારા આજે સાંજે કોરોના વેકસીનેશન અંગેની તૈયારીઓ માટે વેબિનાર યોજવામાં આવ્યો હતો.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની મહેકમ શાખાના નાયબ ચિટનીસ જી. ડામોરે આજે તેમનો જન્મદિવસ અત્યંત સાદગીથી મનાવ્યો હતો.
- જિલ્લામાં ધો. ૧ થી ૫ માં ફરજો બજાવતા ૧૦૮ જેટલા શિક્ષકોને ધો. ૬ થી ૭ ની ખાલી જગ્યાઓ પર સમાવવામાં આવ્યા છે.
- સરકારી કોલેજોમાં પણ ફાયર સેફ્ટી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.
- ઠંડીનો માહોલ જામતાં શિયાળાના વસાણાની માંગમાં વધારો થવા પામ્યો છે.
- ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ સતત જોવા મળી રહ્યો છે.

## અમદાવાદમાં બે દિવસમાં માસ્ક ન પહેરનાર ૬૦૦૦થી વધારે લોકો દંડાયા

શહેર પોલીસ માસ્કના નિયમોનું ઉલ્લંઘન કરતા વધુથી વધુ લોકોના દંડ કરી રહી છે, એવામાં માસ્ક ન હોવા પર દંડાનારા લોકોની સંખ્યા પણ રેકોર્ડ બ્રેક હાઈ સામે આવી રહી છે. છેલ્લા બે દિવસમાં દરરોજ અંદાજે ૩૦૦૦ જેટલા લોકોને માસ્ક ન પહેરવા મામલે દંડ કરવામાં આવી રહ્યો છે. પોલીસે રવિવાર અને સોમવારે એક ખાસ ડ્રાઈવ શરૂ કરી હતી અને ૬૪૩૭ લોકોને માસ્ક ન પહેરવા બદલ દંડ કર્યો હતો.



## ન્યુ ગાંધીનગરમાંથી યુથ કોંગ્રેસના કાર્યકરોની અટકાયત કરાઈ

ભારત બંધના એલાનને પગલે ગાંધીનગર યુથ કોંગ્રેસની ટીમે ખેડુતના સમર્થનમાં તમામ દુકાનદારોને સમજાવી કોમ્પ્લેક્ષ તેમજ પીડીપીયુ માર્ગ સદંતર બંધ કરાવ્યો હતો. ત્યારબાદ યુથ કોંગ્રેસના પ્રમુખ શકિતભાઈ પટેલ, રાજદિપસિંહ ગોલ, ગાંધીનગર જીલ્લા યુથ કોંગ્રેસના મહામંત્રી, પ્રવકતા ફેનીલ પટેલ સહિતના કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી.

# આગામી ત્રણ મહીના સુધી બાર એસોસિએશનની ચુંટણી મોકુફ

### બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની સાધારણ સભામાં સર્વાનુમતે નિર્ણય લેવાયો

ગાંધીનગર તા ૮

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ગત નવેમ્બર મહીનામાં મળેલી સાધારણ સભામાં કોરોનાની મહામારીને ધ્યાનમાં રાખી રાજયના તમામ બાર એસોસિએશનની ચુંટણી આગામી માર્ચ મહીના સુધી નહીં યોજવા માટે નિર્ણય લેવાયો છે. જયારે હાલના બાર એસોસિએશનના પ્રમુખ પણ કાર્યકારી પ્રમુખ તરીકે કામગીરી સંભાળશે જો કે કાર્યકારી પ્રમુખ સત્તાનો ઉપયોગ કરી શકશે નહી તેમજ નિતીવિષયક નિર્ણય પણ લઇ શકશે નહી તેમ પણ જણાંવાયુ છે.

ગુજરાત બાર કાઉન્સિલના વાઈસ ચેરમેન શંકરસિંહ એસ ગોહીલે આ અંગે જણાંવ્યા મુજબ ગુજરાતના તમામ બાર એસોસિએશનમાં શિસ્તબધ્ધ ચુંટણીની પ્રક્રીયા પુરી પાડવા માટે એડવોકેટસ એકટ ૧૯૬૧ હેઠળ સોંપાયેલી સત્તાઓ મુજબ બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા બાર એસોસિએશન ઓફ ગુજરાત રુલ્સ ૨૦૧૫ ઘડવામાં આવ્યો છે. જેને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા પણ મંજુરી આપવામાં આવી હતી આ નિયમ મુજબ રાજયના તમામ બાર એસોસિએશનમાં અમલીકરણ કરવામાં આવ્યુ છે. બાર એસોસિએશન ઓફ ગુજરાત નિયમ ૨૦૧૫ મુજબ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની તા ૮ નવેમ્બર ૨૦૨૦ના રોજ સાધારણ સભા મળી હતી જયારે આ સભામાં સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો.

જેમાં બાર એસોસિએશન ઓફ ગુજરાત રુલ્સ ૨૦૧૫ ના નિયમ ૪૯ સંદર્ભે હાલની કોરોનાની મહામારીના કાળમાં ડિસેમ્બરમાં યોજનારી બાર એસોસિએશનની ચુંટણી હાલની સ્થિતિને ધ્યાનમાં રાખી માર્ચ - ૨૦૨૧ સુધી મોકુફ રાખવામાં આવી છે. જયારે હાલના બારના હોદેદારોમાં પ્રમુખ કાર્યકારી પ્રમુખ તરીકેની કામગીરી કરશે જયારે બાર એસોસિએશનની સત્તાનો ઉપયોગ કરી શકશે નહીં. જયારે નિતીવિષયક નિર્ણય પણ લઈ શકશે નહીં. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ૮ નવેમ્બર વર્ષ ૨૦૨૦ના રોજ મળેલી સાધારણ સભામાં કરવામાં આવેલા ઠરાવ મુજબ ગુજરાતના તમામ એસોસિએશનના પ્રમુખ અને સેક્રેટરી તેમજ હોદેદારોને બાર એસોસિએશનના તમામ સભ્યોન જાણકારી આપવા પણ ગુજરાત બાર કાઉન્સિલના ચેરમેન શંકરસિંહ એસ ગોહિલે જણાંવ્યુ છે.

# હાઈરાઈઝ્ડ બિલ્ડીંગમાં પાર્કિંગ ના હોય તો બી.યુ. કે કમ્પ્લીશન ન આપવા પિન્કી પટેલની માંગ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરના વાણિજ્ય વિસ્તાર એવા સે. ૧૧ માં બનતી હાઈરાઈઝ્ડ બિલ્ડીંગોમાં બાંધકામના નિયમોનું પાલન થતુ ન હોવાથી તેમને કમ્પ્લીશન સર્ટિફિકેટ અને બી.યુ. આપતા પહેલાં પૂરેપૂરી ચકાસણી કરવામાં આવે તેવી માંગ કોંગીના કાઉન્સીલર પિન્કીબેન પટેલે કરી છે.

ગાંધીનગર મનપાના કમિશનરને ઉદ્દેશીને લખેલા આ પત્રમાં જણાવ્યુ છે કે પાર્કિંગની વ્યવસ્થા જે તે બિલ્ડીંગમાં જ કરવા માટે સરકારે વારંવાર સૂચનાઓ આપી છે આમ છતાં મનપાનું તંત્ર આ બાબતે કંઈ જ કાર્યવાહી કરી અને બાંધકામના નિયમોનું પાલન થાય તે માટેની ચકાસણી કરતુ હોય તેમ જણાતુ નથી.

સે. ૧૧ માં વારંવાર ટ્રાફિક જામના દશ્યો જોવા મળી રહ્યા છે. જે નવા બિલ્ડીંગો બની રહ્યા છે તેમાં પાર્કિંગની જોગવાઈ નિયમ મુજબ કરવામાં આવી છે કે કેમ તેની ચકાસણી થતી હોય તેવુ જણાતુ નથી.

શ્રીમતિ પટેલે એવો ગંભીર આક્ષેપ કર્યો છે કે મનપાની ટાઉન પ્લાનીંગ શાખામાં આ પ્રકારની કામગીરી કરવામાં આવી હોય તેવુ અત્યાર સુધીમાં ક્યાંય ધ્યાને પણ આવ્યુ નથી કે હાઈરાઈઝડ બિલ્ડીંગના માલિકોને નોટીસો ફટકારી પગલાં લીધા હોય તેવુ જણાયુ નથી. તેમણે આ પત્રમાં આવી ઈમારતોને કમ્લીશન સર્ટિફિકેટ અને બી.યુ. પરમિશન અટકાવી અને તપાસ કરવામાં આવે તે જરૂરી છે.

શ્રીમતિ પટેલે આ પત્રની નકલ તકેદારી આયુક્તજીને, મનપાની ટાઉન પ્લાનીંગ શાખાને પણ પાઠવી છે. શ્રીમતિ પટેલે નાગરિકોના વિશાળ હિતમાં નિયમોની અમલવારી થાય તેવી સ્પષ્ટ માંગ પણ તેમના પત્રમાં કરી છે.

# પરેશ ધાનાણી સહિત અનેક કોંગ્રેસના નેતાઓની અટકાયત

### ધરપકડ કરવા પહોંચેલી પોલીસને પરેશ ધાનાણીએ જો તેમને કોરોના થશે તો પોલીસની સામે ફરિયાદ કરવા ધમકી આપી

અમદાવાદ,તા.૮

આજે કૃષિ કાયદાના વિરોધમાં મેદાનમાં ઉતરેલા ખેડૂતોએ બંધના એલાનની જાહેરાત કરી છે. આવામાં દિલ્હી સહિત મહારાષ્ટ્ર સહિત પંજાબ, રાજસ્થાન, કેરળ, આંધ્રપ્રદેશ, ઓડિશા, છત્તીસગઢ, તેલંગાણા અને ઝારખંડમાં વધારે અસર જોવા મળશે તેવી સંભાવના વ્યક્ત કરાઈ હતી તેવામાં ગુજરાતમાં પણ બંધની અસર જોવા મળી રહી છે. બંધને સફળ બનાવવા માટે પ્રયાસ કરી રહેલા કોંગ્રેસના કાર્યકર્તાઓ અને નેતાઓની અટકાયત પણ કરવામાં આવી રહી છે. અમરેલીમાં સ્કૂટર લઈને આવેલા ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી રહી છે. ગુજરાતમાં અમદાવાદ, સુરત, વડોદરા વગેરે જગ્યાઓ પર બંધનો મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે અને કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વાર બંધને સફળ બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અમરેલીમાં બજારો બંધ કરાવવા માટે સ્કૂટર પર નીકળેલા પરેશ ધાનાણી સામે પોલીસે કાર્યવાહી કરી છે. અટકાયત દરમિયાન પોલીસ અને ધાનાણી વચ્ચે શાબ્દીક ટપાટપી પણ થઈ હતી. પોલીસ તેમની પાસે પહોંચી તો તેમણે કહ્યું કે મેં કોઈને બંધ કરવાનું નથી કહ્યું, આ દેશમાં બધાને વિરોધ કરવાનો અધિકાર છે. ધાનાણીએ એવું પણ કહ્યું કે, મને કોઈ અડવાની હિંમત ના કરતા, મને કોરોના થયો તો હું તમારી ઉપર ફરિયાદ કરીશ. પોલીસ અને ધાનાણી વચ્ચે દલીલબાજી ચાલી રહી હતી ત્યારે પોલીસે કહ્યું કે તમે હાથ ઊંચા કરીને દુકાનો બંધ કરાવી રહ્યા હતા આ રીતે કોઈના રોજગારને અટકાવી ના શકાય. પરેશ ધાનાણીએ પોતે એકલા નીકળ્યા હોવાની પણ દલીલ કરી પરંતુ અંતમાં પોલીસે તેમની અટકાયત કરી લીધી અને તેમને પીસીઆર વાનમાં બેસાડી દેવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમના સમર્થનમાં ઉમટી પડેલા સ્થાનિક લોકો અને કાર્યકર્તાઓ તેમનો બચાવ કરતા પણ નજરે પડ્યા હતા. આ જ રીતે સુરતમાં પણ બજારોને બંધ કરવા માટે કોંગ્રેસના કાર્યકર્તાઓ મેદાનમાં ઉતર્યા હતા અને કેટલીક જગ્યાઓએ બળજબરી પૂર્વક બંધનું પાલન કરાવવા માટેના પ્રયાસ કર્યા હતા જેની સામે પોલીસે કાર્યવાહી કરીને કાર્યકર્તાઓની અટકાયત કરી હતી. તો કેટલાક વિસ્તારમાં સ્વૈચ્છિક રીતે પણ વેપારીઓ બંધનું સમર્થન કરીને તેમાં જોડાયા હતા. સુરતના માન દરવાજાનું શાક માર્કેટના વેપારીઓ સ્વૈચ્છિક રીતે બંધમાં જોડાયા હતા. શહેરમાં ધરણા કરી રહેલા કાર્યકર્તાઓની પણ પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. વડોદરાની વાત કરીએ તો અહીં બંધનું પાલન ૧૧થી ૩ દરમિયાન કરવાની વાત હતી જેના બદલે સવારમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા નેશનલ હાઈવે પર ચક્કાજામ કરવાના પ્રયાસ કર્યા હતા. સવારમાં ભારત બંધને સફળ બનાવવા માટે કોંગ્રેસના કાર્યકર્તાઓ નેશનલ હાઈવે પર પહોંચ્યા હતા અને ટાયર સળગાવીને હાઈવેનો ટ્રાફિક જામ કરવાના પ્રયાસ કર્યા હતા. શહેરના અન્ય વિસ્તારોની વાત કરીએ તો બંધને મિશ્ર પ્રતિશાદ મળતો દેખાઈ રહ્યો છે.

## અમરેલીના બજારમાં ધાનાણી અને પોલીસ વચ્ચે પકડાપકડી

આજે ભારત બંધ આપવામાં આવ્યું છે ત્યારે અમરેલી શહેરમાં પોલીસ અને વિપક્ષ નેતા પરેશ ધાનાણી અને પોલીસ વચ્ચે રેસના દ્રશ્યો જોવા મળ્યા હતા. પરેશ ધાનાણી સવારથી જ સ્કૂટર પર નીકળીને દુકાનદારોને તેમની દુકાનો બંધ કરવા માટે વિનંતી કરી રહ્યા હતા. કલમ ૧૪૪ની ભંગ ન થાય તે માટે રણનીતિના ભાગરૂપે તેઓ એકલા જ સ્કૂટર પર નીકળ્યા હતા. તેઓ એક કલાક સુધી આખા શહેરમાં ફર્યા હતા અને દુકાનદારોને બે હાથ જોડીને દુકાન બંધ રાખવા માટે વિનંતી કરી હતી. આ દરમિયાન આશરે અડધો કલાક સુધી પોલીસ અને પરેશ ધાનાણી વચ્ચે રેસ જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. એક વખત તો પરેશ ધાનાણી પોલીસના ઘેરામાંથી સ્કૂટર લઈને નીકળી ગયા હતા. પરેશ ધાનાણી આજે સ્કૂટર લઈને દુકાનો બંધ કરાવવા નીકળ્યા હતા ત્યારે પોલીસ કાર લઈને તેમની પાછળ પડી હતી. જોકે, અડધો કલાક સુધી તેઓ પોલીસના હાથમાં આવ્યા ન હતા. અમરેલીની બજારમાં એવા દ્રશ્યો જોવા મળ્યા હતા કે આગળ પરેશ ધાનાણી અને પાછળ પોલીસની જીપ. પોલીસ સ્કૂટરની આગળ જઈને જીપ ઊભી રાખી દેતી હતી ત્યારે ધાનાણી બાજુમાંથી નીકળી જતા હતા અથવા રસ્તો બદલી દેતા હતા કે પછી નાની શેરીમાંથી નીકળી જતા હતા. પરેશ ધાનાણી અને પોલીસ વચ્ચેની રેસ વચ્ચે એક જગ્યાએ પોલીસે ધાનાણીને ઘેરી લીધા હતા. આ દરમિયાન લોકો પણ એકઠા થઈ ગયા હતા. પોલીસકર્મીઓને પોતાનાથી દૂર રાખવા માટે પરેશ ધાનાણીએ એવું પણ કહ્યું હતું કે, ‘મને અડશો નહીં મને કોરોના થયો છે.

# સાણંદ હાઈવે પર કોંગ્રેસે ટાયર સળગાવી વિરોધ પ્રદર્શન કર્યું

અમદાવાદ,તા.૮

આઠમી ડિસેમ્બર એટલે આજે, ભારત બંધના એલાનને ગુજરાત કોંગ્રેસે સમર્થન આપ્યુ છે. ત્યારે રાજયમાં વહેલી સવારથી કોંગ્રેસ વિરોધ પ્રદર્શનમાં લાગી છે. અમદાવાદ જીલ્લા કોંગ્રેસે સાણંદ કંડલા હાઈવે પર વહેલી સવારે જાહેર રસ્તાઓ પર ટાયર સળગાવીને ચક્કાજામ કર્યો હતો. જેના કારણે વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ સાથે વાહનોની એક કિલોમીટર લાંબી કતારો સર્જાઇ હતી. જોકે, આ વિરોધમાં કોંગ્રેસના કાર્યકર્તાઓએ એમ્બ્યુલન્સને જવાનો માર્ગ કરી આપ્યો હતો. આ વિરોધ પ્રદર્શનમાં સાણંદ પોલીસે ૧૦થી વધુ કાર્યકર્તાઓની અટકાયત કરી છે. કોંગ્રેસનાં કાર્યકર્તાઓએ વહેલી સવારથી સાણંદ હાઈવે ચક્કાજામ કર્યો હતો. કેટલાક કાર્યકરોએ લોકોના જવાના માર્ગમાં જ ટાયરો બાળીને સૂત્રોચ્ચાર કર્યા હતા. જેના કારણે ધુમાડાના ગોટેગોટા આકાશમાં છવાયા હતા.